| | |
|---|---|
| **Name of Magazine:** | Chitralekha Gujarati |
| **Issue:** | April 25, 2022 |
| **Page No.:** | 18, 19 |
| **About:** | Article: - “ગબ્બર પર લખાઈ રહી છે ગૌરવગાથા " (“Gauravagatha is being written on Gabbar") |
| **Web Link:** | https://chitralekha.com/digital-gujarati-magazine/chitralekha-gujarati-april-25-2022/ |

આપણી આજકાલ

# ગબ્બર પર લખાઈ રહી છે ગૌરવગાથા

અંબાજીમાં જગદંબાનાં દર્શન સંગે દેશ–વિદેશની ૫૧ શક્તિપીઠોની ઝાંખીનો લહાવો તો મળે જ છે, હવે ગબ્બર પર આ શક્તિપીઠોની ઉત્પત્તિગાથાની ફિલ્મ પણ જોવાનો અવસર ઊભો થયો છે. આ છે દેશનો સૌથી મોટો લાઈટ ઍન્ડ સાઉન્ડ શો.

મહેશ શાહ (અંબાજી)

આ પણે ત્યાં વિખ્યાત મંદિરની પ્રતિકૃતિ કે મિની મંદિર (રેપ્લિકા) બનાવવાનો ટ્રેન્ડ છે. ગુજરાતની વાત કરીએ તો જમ્મુ-કશ્મીરસ્થિત યાત્રાધામ વૈષ્ણોદેવીનું મિની મંદિર અમદાવાદમાં છે તો જગપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં એક-બે નહીં, પણ ૫૧ શક્તિપીઠનાં મિની મંદિર છે. દેશ-વિદેશની શક્તિપીઠોની પ્રતિકૃતિ ધરાવતું દેશનું પ્રથમ શ્રી ૫૧ શક્તિપીઠ સંકુલ અંબાજી મંદિર સમીપે આઠેક વર્ષ પહેલાં બન્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં આવેલું અંબાજી મંદિર પુરાણપ્રસિદ્ધ શક્તિપીઠ છે. વિશેષતા ગણો તો તમામ ૩૫૮ સુવર્ણકળશ ધરાવતી પ્રથમ શક્તિપીઠ છે. એ ઉપરાંત, એના શિખર અને સભામંડપ સુવર્ણજડિત છે. અંબાજી એ આદ્યશક્તિ અંબે મા, જગદંબા, મહિષાસુર મર્દિની, આરાસુરી, વગેરે નામથી ઓળખાય છે. મંદિરમાં માતાજીની મૂર્તિ નથી, પરંતુ વીસા યંત્રની પૂજા થાય છે. અહીં ચૈત્ર, ભાદરવા પૂનમ, આસો મહિનાની નવરાત્રિ, નવું વર્ષ, વગેરે સમયે પદયાત્રી સંઘો અને યાત્રાળુઓ દર્શન કે બાધા-માનતા પૂરી કરવા આવે છે. વર્ષે આશરે સવા કરોડ ભાવિકો અહીં આવતા હોવાનો અંદાજ છે.

આ મહિમાના મૂળમાં એક દંતકથા છે. દક્ષ રાજાએ યજ્ઞપ્રસંગે દેવોને આમંત્રણ આપ્યું હતું, પરંતુ પોતાના જમાઈ એવા ભગવાન શંકરને ન બોલાવ્યા. એ વખતે પિયર આવેલાં દક્ષપુત્રી ઉમા (પાર્વતી)એ પતિની ઉપેક્ષાથી નારાજ થઈને યજ્ઞકુંડમાં પોતાના પ્રાણ ત્યજી દીધા. કોપિત થયેલા શંકર ઉમાસતીનો દેહ અગ્નિકુંડમાંથી કાઢીને ત્રિલોકમાં ઘૂમતા હતા. એનાથી સૃષ્ટિના વિનાશના ડરે ભગવાન વિષ્ણુએ સુદર્શનચક્રથી સતીના શરીરના ટુકડા કરી પૃથ્વી પર વિવિધ જગ્યાએ વેર્યા. મનાય છે કે સતી માતાના શરીરનાં અંગો અને આભૂષણો જે સ્થળે પડ્યાં એ સ્થળ શક્તિપીઠ તરીકે પૂજાયાં. એમાં દેવીના હૃદયનો ભાગ આરાસુરમાં પડ્યો. એ સ્થળ એટલે આજનું અંબાજી, જે શક્તિપીઠ તરીકે પ્રચલિત બન્યું.





શક્તિપીઠ એટલે ઊર્જા કે ચૈતન્યની અનુભૂતિ કરાવતું સ્વરૂપ. જો કે શક્તિપીઠની સંખ્યા અંગે મતભેદ છે. દેવી ભાગવતમાં ૧૦૮, દેવી ગીતામાં ૭૨, તંત્ર ચૂડામણિમાં બાવન તથા પદ્મપુરાણ, બ્રહ્મપુરાણ સહિત ગ્રંથોમાં ૫૧ શક્તિપીઠ હોવાનું સૂચવે છે. એમાંથી અંબાજી શક્તિપીઠ એ ગબ્બર ગઢ (ગબ્બર પર્વત) અને અંબાજી મંદિર એમ બે ભાગમાં વિભાજિત છે. ગબ્બર ગઢ અંબાજી માતાનું આદ્ય સ્થાનક મનાય છે. ગબ્બર પાસે વર્ષ ૨૦૧૪માં ૬૨ કરોડના ખર્ચે બન્યું છે શ્રી ૫૧ શક્તિપીઠ સંકુલ, જેનું ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૮માં ભૂમિપૂજન કર્યું હતું.

શ્રી ૫૧ શક્તિપીઠ સંકુલમાં વિવિધ રાજ્યો તથા ચાર દેશ (તિબેટ, નેપાળ, શ્રીલંકા અને પાકિસ્તાન)માં આવેલી શક્તિપીઠની પ્રતિકૃતિ કે મિની મંદિરો (રેપ્લિકા) છે. ત્રણ મંદિર ગુફામાં છે. શક્તિપીઠનો પરિક્રમાપથ ૨.૮૫ કિલોમીટરનો છે અને ૧૮૩૫ પગથિયાં છે.

સંકુલનિર્માણ અંગે જાણીતા ટેમ્પલ આર્કિટેક્ટ અમદાવાદના ચંદ્રકાંત સોમપુરા કહે છે: 'અમારી ટીમે દોઢેક વર્ષ સુધી દેશભરની શક્તિપીઠોમાં જઈને મંદિરના દેખાવ, મૂર્તિવિધાન, વગેરે માહિતી મેળવી અને ફોટોગ્રાફી કરી તથા વિદેશની શક્તિપીઠોની વિડિયોગ્રાફી મગાવીને માહિતી મેળવી. એ આધારે શિલ્પશાસ્ત્ર અનુસાર ગબ્બર પાસે શક્તિપીઠોની આબેહૂબ પ્રતિકૃતિ-મંદિરો બનાવ્યાં.'

અમદાવાદના જાણીતા વાસ્તુશાસ્ત્રી મિતેશ શાહના મતે પ્રતિકૃતિ-મંદિરમાં મૂળ સ્થાનક (મંદિર) જેટલી ઊર્જા હોતી નથી. જો કે અંબાજી મંદિરના સેંકડો દર્શનાર્થીઓ માટે શક્તિપીઠ સંકુલ હવે દર્શન, સાધના અને આરાધના કેન્દ્ર બન્યું છે, કારણ કે અહીં એકસાથે, એક જ જગ્યાએ ૫૧ શક્તિપીઠોનાં દર્શન કરવાનો અવસર મળે છે.

હવે આજની વાત. શક્તિપીઠ નિર્માણનાં આઠ વર્ષ બાદ જૂનાગઢ ગિરનારની લીલી પરિક્રમાની પરિપાટીએ હાલમાં અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા શરૂ થઈ. એ માટે ગબ્બરની તળેટી ખાતે ચૈત્રી નવરાત્રિ પર્વમાં આઠથી દસ એપ્રિલ સુધી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાયો. એમાં શક્તિપીઠની મૂર્તિઓની પ્રક્ષાલનવિધિ થઈ તથા ગબ્બરની ટોચ પરથી માતાજીના અખંડ દીપમાંથી જ્યોત લાવીને તમામ મંદિરોમાં જ્યોત પ્રગટાવવામાં આવી, જ્યારે પરિક્રમા મહોત્સવ તથા દેશના સૌથી મોટા લાઈટ ઍન્ડ સાઉન્ડ શોનું ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું.

ભૂપેન્દ્રભાઈએ કહ્યું: 'ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં એક જ સ્થળે એકાવન શક્તિપીઠ નિર્માણનો સંકલ્પ સેવ્યો હતો એ સાકાર થયો છે. આવનારા સમયમાં અંબાજી તીર્થધામ અનેક આકર્ષણનું કેન્દ્ર બનશે.'

અત્યારનું નવતર આકર્ષણ છે ગબ્બર પર્વત પર લાઈટ ઍન્ડ સાઉન્ડ શો. કેવડિયા ખાતે વિશ્વના સૌથી ઊંચા સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર રોજ રાત્રે ૩૦ હજાર લ્યુમેન્સના ૫૧ પ્રોજેક્ટર થકી થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગથી આદિવાસીઓનો ઈતિહાસ દર્શાવવામાં આવે છે. એ રાહે ગબ્બર ખાતે વિશાળ પર્વત પર થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગ થાય છે. એનું મેકિંગ તથા ત્રણ વર્ષ સુધી ઑપરેશન ઍન્ડ મૅનેજમેન્ટ કરશે અમદાવાદની રસના એન્જિનિયરિંગ.

એના અધિકારી અને ગબ્બર પ્રોજેક્ટના સુપરવાઈઝર દીપ પટેલ કહે છે: 'ગબ્બર પર્વતના ૨૬૮ મીટર બાય ૬૮ મીટર વિસ્તારને આવરી લેતા





**ચૈત્રી નવરાત્રિની ભેટ:** ગબ્બર પર્વત પર શરૂ થયો લાઈટ ઍન્ડ સાઉન્ડ શો. થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગથી જાણો શક્તિપીઠોની ઉત્પત્તિ અને વિશેષતા.

